# રમતોત્સવની ઉજવણી

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં પ્રાચીન અને અર્વાચીન રમતો દ્વારા રમતોત્સવની હર્ષભેર ઊજવણી કરવામાં આવી હતી.

આ રમતોત્સવમાં વ્યાયામ યોગ ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. જયકર એસ. મેકવાન દ્વારા પ્રશિક્ષણાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અધ્યક્ષશ્રી ડૉ. દિલીપભાઈ યુ. પટેલ સાહેબ પ્રશિક્ષણાર્થીઆને વિવિધ રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને ખેલદિલીપૂર્વક રમતોમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી. પ્રશિક્ષણાર્થી બહેનો ભાઈઓ માટે સંગીતખુરશી સ્પર્ધામાં પ્રથમક્રમે પ્રતીક મકવાણા, દ્વિતીય ક્રમે જીગર ટંડેલ, તૃતીય ક્રમે અલ્પેશ સેનવા વિજયી થયા હતા. પ્રશિક્ષણાર્થી



બહેનો માટેની સંગીત ખુરશી સ્પર્ધામાં પ્રથમક્રમે ડિમ્પલ પટેલ, દ્વિતીય ક્રમે ખ્યાતિ દવે, તૃતીય ક્રમે ઉન્નતિ પટેલ વિજયી થયાં હતાં.

પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમક્રમે નિસાર મલેક, દ્વિતીય ક્રમે દશરથ બારીઆ તથા તૃતીય ક્રમે ગોપાલ પરમાર વિજયી થયા હતા. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની કોથળાદોડ, સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉન્નતિ પટેલ, દ્વિતીય ક્રમે સ્નેહલ ગોહેલ અને તૃતીય ક્રમે અમીષા પટેલ વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમક્રમે નિસાર મલેક, દ્વિતીય ક્રમે ભરત બાભણિયા તથા તૃતીય ક્રમે ભરત મકવાણા વિજયી થયા હતા. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમક્રમે ઉન્નતિ પટેલ, દ્વિતીય ક્રમે મોદી રાગિણી તથા તૃતીય ક્રમે સ્મિતા મહિડા વિજયી થયા હતા. પ્રથમ વર્ષના અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. જેમાં બેસ્ટ બોલર તરીકે ગોપાલ પરમાર તથા મેન ઓફ ધ મેચ ધવલ પરમાર ને એવોર્ડ અપાયા હતા.

સમગ્ર રમતોત્સવ સ્પર્ધાઓમાં ગ્લોબલ સ્પોટર્સ ફેડરેશનના સેક્રેટરી જનરલ GSF અને સરદાર



પટેલ એજ્યુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ પટેલ સાહેબ અને એન.એસ.પટેલ આટર્સ કૉલેજના આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રશિક્ષણાર્થી ભાઈઓમાં શ્રેષ્ઠ સ્પર્ધક વિજેતા તરીકે નિસાર મલેક અને પ્રશિક્ષણાર્થી બહેનોમાં શ્રેષ્ઠ સ્પર્ધક વિજેતા તરીકે ઉન્નતિ પટેલ ઘોષિત થયેલા

પ્રશિક્ષણાર્થીઓને સુવર્ણ ચંદ્રક, રજત ચંદ્રક અને કાંસ્ય ચંદ્રક વડે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. એલ.એસ. બલાત, ડૉ. યુ.એસ. શારડા, ડૉ. જે. એસ. મેકવાન, ડૉ. જે. જે. દીક્ષિત, પ્રા. એસ. વી.મકવાણા, પ્રા. એચ.સી.શાહ તથા પ્રા. એન.બી. પરમારે ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનુ આયોજન વ્યાયામ યોગ ખેલકૂદધારાના કન્વીનર ડૉ. જયકર એસ. મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ખેલકૂદમંત્રી અનિરુદ્ધ સિંહ સેંધવ અને પ્રતીક મકવાણા દ્વારા કરવામાં આવી.